

# આભાર દર્શન

ડૉ. જી.આર.પટેલ,  વિસ્તરણ શિક્ષણ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

તા.૩૦/૦૬/૨૦૨૦

ખેતી અને ખેડૂતોની સેવા માટે સદા સમર્પિત એવી આપણી નવસારી કૃષિ યુનિવર્સિટીની સેવામાંથી આજે તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થાઉં છું. તા.૧૦/૦૫/૧૯૮૩ના રોજ રાજકોટ જિલ્લાના વાસાવડ ગામે બેન્ક ઓફ બરોડામાં એગ્રીકલ્ચરલ આસિસ્ટન્ટ તરીકે જોડાઈને નોકરીની શરૂઆત કરી હતી. સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મ અને ઉછેર થયો હોવાને લીધે ખેતી અને ખેડૂતો માટે ખાસ લગાવ હોઈ તા.૨૭/૦૧/૧૯૮૪થી ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં અરણેજ ખાતે ખેતીવાડી અધિકારી તરીકે નોકરીમાં જોડાયો.

માહે મે-૧૯૮૪ થી ફેબ્રુઆરી-૧૯૮૮ સુધી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ ખાતે સેવા બજાવી ત્યાંરબાદ વર્ગ-૨ સંવર્ગમાં સીલેકશન થતાં ફેબ્રુઆરી-૧૯૮૮ થી સપ્ટેમ્બર-૧૯૯૩ સુધી કૃષિશાળા, વઘઈના આચાર્ય તરીકે અને ઓકટોબર-૧૯૯૩થી નવસારી ખાતે સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે વિવિધ યોજનાઓમાં ફરજ બજાવેલ છે.

યુનિવર્સિટીમાં મારી કુલ ૩૬ વર્ષ અને પાંચ માસની સેવાયાત્રામાંથી ૩૫ વર્ષ અને પાંચ માસ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં અથવા તેને સંલગ્ન વિવિધ વિસ્તરણ શિક્ષણ યોજનાઓમાં સેવા આપેલ છે. આપ સુવિદિત છો કે તા.૧૭/૦૫/૨૦૧૪ થી એટલે કે ૬ વર્ષ અને દોઢ માસથી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની જગ્યા પર સેવારત છું. આપણી સંસ્થા સર્વાંગ મહાન અને સર્વથા પોષક છે, જેને મેં હંમેશા 'મા' (Mother) માનીને કાંઈક વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. મારા આવા વિચારોથી અભિષિત થયેલ મારી કામગીરીમાં જયાં મને સફળતા મળી હોય અને તેનાથી સંસ્થાના ગૌરવ અને કિર્તીમાં વધારો થયો હોય તેનો સઘળો યશ યુનિવર્સિટીના અત્યાર સુધીના તમામ માન.કુલપતિશ્રીઓ સહિત સર્વે અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વૈજ્ઞાનિકશ્રીઓ, વિસ્તરણ કાર્યકરો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના સ્ટાફ મિત્રો, યુનિવર્સિટીના કર્મચારીઓ, ખાતાના અધિકારીશ્રીઓ અને સમગ્ર ખેડૂત સમુદાયને ખરા દિલથી અર્પણ કરું છું.

મારી જવાબદારીના વહનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સહભાગી થવા બદલ તમામનો હું અંતઃ કરણપૂર્વક આભાર માનું છું અને મારા વિચાર, વાણી અને વ્યવહારથી કોઈને કાંઈ દુઃખ થયું હોય, ગેરસમજ થઈ હોય કે માનસિક ક્ષતિ પહોંચી હોય તો હું અંતઃકરણપુર્વક ક્ષમા પ્રાર્થું છું.

જયારે પણ મારા લાયક કામકાજની જરૂર પડે ત્યાંરે કૃષિ પરિવારના સભ્યના નાતે નિઃસંકોચપણે મને સેવાની તક આપશો તો આનંદ થશે. મારા કાયમી રહેઠાણનું સરનામું અને સંપર્ક નંબર નીચે મુજબ છે.

ડૉ. ઘનશ્યામ આર. પટેલ
૨૬–એ, ગણેશનગર, ગાયત્રી સંકુલની બાજુમાં
પેટ્રોલપંપની સામે, વિજલપોર–એરૂ રોડ,
પોસ્ટ–એરૂ એ.સી., વિજલપોર, નવસારી–૩૯૬૪૫૦
મો. ૯૭૨૫૦૦૫૯૯૭